GJVD020014352012

सत्यमेव जयते

રજુ તારીખ : ૦૩/૦૪/૨૦૧૨
દાખલ તારીખ : ૦૩/૦૪/૨૦૧૨
જજમેન્ટ તારીખ : **૩૦/૦૩/૨૦૨૪**
અવધિ: વર્ષ– ૧૧, માસ–૧૧, દિવસ–૨૭

---

**૦૭ માં એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી (બી.આર.વાઘેલા)નાઓની કોર્ટ મુ. વડોદરા.**

---

**સ્પે.મુ.નંબર :– ૨૨૬/૨૦૧૨.**

**આંક: ........**

વાદી:– **મૈયત સોમાભાઈ દેસાઈભાઈ માળીના વારસો**

**(૧) ગંગાબેન તે સોમાભાઈ દેસાઈભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૨) ચંદાબેન તે સોમાભાઈ દેસાઈભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૩) મૈયત શાંતાબેન તે સોમાભાઈની દીકરીના વારસો**

(૩/૧) રમેશભાઈ ડાહ્યાભાઈ માળી
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
(૩/૧, બિનવારસદાર મૈયત થયેલ હોય ડીલીટ કરેલ છે.)

(૩/૨) મંજુબેન તે ડાહ્યાભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૪) મૈયત ડાહીબેન તે સોમાભાઈની દીકરીના વારસો**

(૪/૧) રતિલાલ છગનભાઈ માળી
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી

(૪/૨) કનુભાઈ છગનભાઈ માળીના વારસો
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
(આંક–૧૦૫ મુજબ સુધારો કર્યો)

(૪/૨/૧) દિનેશ કનુભાઈ માળી
ઉ.વ. ૩૪, ધંધો. ઘરકામ

(૪/૨/૨) અશોકભાઈ કનુભાઈ માળી
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
બંને રહે. બીએલ ૨૧/૨૫, બીએસ, બીએસયુ યુપી આવાસ મહાનગર, યમુના કંમ્પાઉન્ડ, પ્રતાપનગર, તા.જી. વડોદરા.

**(૫) મૈયત જમનાબેન તે સોમાભાઈની દીકરીના વારસો**

(૫/૧) મૈયત નગીનભાઈ રાવજીભાઈ માળીના વારસો

(૫/૧/૧) મીનાબેન તે નગીનભાઈ રાવજીભાઈ માળીની પુત્રી
ઉ.વ. ૩૩, ધંધો. ઘરકામ

(૫/૧/૨) અરવિંદભાઈ નગીનભાઈ માળી
ઉ.વ. ૩૦, ધંધો. ખેતી

(૫/૧/૩) પ્રવિણભાઈ નગીનભાઈ માળી
ઉ.વ. ૨૪, ધંધો. ખેતી
તમામ રહે. કાળી તલાવડી, તાંદળજા, તા.જી. વડોદરા.

(૫/૨) કોકીલાબેન તે રાવજીભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

(૫/૩) નવીનભાઈ રાવજીભાઈ માળી
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી

**(૬) મંજુબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૭) ગીતાબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૮) નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ

**(૯) રાજુભાઈ કાંતિભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી

**(૧૦) અરવિંદભાઈ રમણભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
**(૧૧) શંકરભાઈ રમણભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો.ખેતી
**(૧૨) તારાબેન ચીમનભાઈ માળી તે મૈ. ચીમનભાઈ સોમાભાઈની દીકરી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
તમામ રહેવાસી. તાંદળજા, તા.જી. વડોદરા.

**–:: વિરૂધ્ધ ::–**

**પ્રતિવાદી:–** (૧) **કાંતિભાઈ સોમાભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
(૨) **હીરાબેન ચીમનભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
(૩) **અશોકભાઈ ચીમનભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી
(૪) **મૈયત રઈબેન સોમાભાઈ માળીના વારસો**
(નિશાની – ૨૩ ની અરજ મુજબ સુધારો કર્યો)
(૪/૧) સવિતાબેન તે ગણપતભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
(૪/૨) કનુભાઈ ગણપતભાઈ માળી
ઉ.વ. પુખ્ત,
(૪/૩) નટુભાઈ ગણપતભાઈ માળી
ઉ.વ. પુખ્ત,
(૪/૪) કોકીલાબેન તે ગણપતભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
(૪/૫) ગુલાબભાઈ ગણપતભાઈ માળી
ઉ.વ. પુખ્ત,
(૪/૬) ઉષાબેન તે ગણપતભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
(૪/૭) મંજુલાબેન તે ગણપતભાઈ માળીની દીકરી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
(૪/૮) કાળીદાસ ગણપતદાસ માળી
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ
તમામ રહે. ૮૬, સર્વોદયનગર, અટલાદરા,

તા.જી. વડોદરા.

(૫) **રમણભાઈ સોમાભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો.ખેતી

(૬) **મણીબેન સોમાભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો.ઘરકામ

(૭) **લલ્લુભાઈ સોમાભાઈ માળી**
ઉ.વ. પુખ્ત, ધંધો.ખેતી
તમામ રહે. તાંદળજા, તા.જી.વડોદરા.

(૮) **નરેન્દ્રભાઈ શનાલાલ ત્રિવેદી**
ઉ.વ. પુખ્ત,
રહે. તાંદળજા, તા.જી. વડોદરા.

(૯) **શોભાબેન શનાલાલ ત્રિવેદી ઉર્ફે દિપાલી દિલીપભાઈ**
ઉ.વ. પુખ્ત,
રહે. આર.વી.દેસાઈ રોડ, વડોદરા.

(૧૦) **સુભાષ હેમચંદ્ર જગતાપ**
ઉ.વ. પુખ્ત,
રહે. તાંદળજા, વડોદરા.

**વિષય:–** **દાવો રૂા. ૨૭,૩૨,૦૦૦/– ના આંકથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદબાતલ નિરર્થક અને બિનઅમલીચ જાહેર કરવા તેમજ હકક સ્થાપન તેમજ કાયમી તાકીદ મેળવવા બાબતનો..........**

---

વાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રી બી.ટી.પરમાર
પ્રતિવાદી નં. ૧ થી ૭ તરફે હાજર થયેલ નથી.
પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તરફે વિ.વકીલશ્રી એમ.આઈ.પટેલ

---

**–:: ઠરાવ ::–**

**(૧)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ ઉપરોકત સરનામે રહે છે અને ખેડુત ખાતેદારો છે અને દાવાવાળી જમીનમાં ખેતી કરી ગુજરાન ચલાવે છે.

(૧.૧) વાદીઓ તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓના વડીલ મૈ. સોમાભાઈ દેસાઈભાઈ માળીની વડીલોપાર્જિત વણવહેચાયેલી હિન્દુ વારસાઈ ધારા અન્વયે પ્રાપ્ત

થયેલી ખેતીની જમીન મોજે ગામ તાંદળજાના રે.સ.નં. ર૭ર/૧ થી આવેલી જેનું ક્ષેત્રફળ ૦–ર૭–૩ર હે.આરે.ચો.મી. છે તે જમીન આ દાવાની વિષયવસ્તુ છે. વાદીઓ મૈ. સોમાભાઈ દેસાઈભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી જમીનમાં તેમનો વણવહેચાયેલો હકક હીસ્સો જન્મથી જ આવેલો છે. જે દાવાવાળી જમીનની આજદિન સુધી વહેંચણી થયેલી નથી. આમ, દાવાવાળી જમીન વણવહેચાયેલી, વડીલોપાર્જિત જમીન છે. તે દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ એકબીજાના મેળાપીપણામાં વાદીઓના હકકો ડુબાડી દઈ, પ્રતિવાદી નં. ૮ અને ૯ નાઓને તા. ૧૬/૩/ર૦૦૯ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ આખે આખી જમીનનો કરી આપેલ છે. જે જમીનની કોઈ વહેચણી આજદિન સુધી થયેલ નથી. જેના કોઈ ટાઈટલ કલીયરન્સ પ્રતિવાદી નં. ૮, ૯ નાએ મેળવેલ નથી કે, તેના માલીકો પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ એકલા જ છે કે તેમાં અન્ય કોઈ વ્યકિત ઈસમોનો લાગ ભાગ છે કે નહી તેની પણ કોઈ તપાસ કરેલી નથી અને આ જમીનના માલીક ફકત પ્રતિવાદી નં. ૧ થી ૭ ના જ છે તે રીતે દસ્તાવેજ કરાવેલ છે. જે તદ્દન ગેરકાયદેસર છે. જે તબદીલીના વ્યવહારો વાદીનાઓના હકક, હીત વિરૂધ્ધના હોય તે વેચાણ દસ્તાવેજ પણ આ દાવાની વિષય વસ્તુ છે.

(૧.ર) સદર દાવાવાળી જમીનના પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ એકલા જ માલીક ન હતા પરંતુ તેમાં સોમાભાઈ દેસાઈભાઈ માળીના વારસો વાદી નં. ૧ થી પ નાઓનો એટલે કે, ગંગાબેન તે સોમાભાઈ દેસાઈભાઈની દીકરી, ચંદાબેન તે સોમાભાઈની દીકરી, તેમજ મૈયત શાંતાબેન તેમજ મૈ. ડાહીબેન તથા મૈ. જમનાબેનના વારસદારોનો વણવહેચાયેલો હકક, હીત હીસ્સો સમાયેલ હોવા છતાં તેઓના નામો રેવન્યુ રેકર્ડમાં ચાલતા હતા પરંતુ રેવન્યુ રેકર્ડમાં તેઓની વારસાઈ નોંધ વાદીઓના નામે થયેલ ન હતી તેથી પ્રતિવાદી નં. ૮, ૯ નાએ જે વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે તે વેચાણ દસ્તાવેજ વાદીના હકક સિવાયનો છે જેથી પ્રતિવાદી નં. ૮, ૯ ને આખી આખી જમીનનો કોઈપણ પ્રકારે ટાઈટલ, માલીકી હકક કે દસ્તાવેજી પુરાવો પ્રાપ્ત થતો નથી. તેમજ વાદી તારાબેન ચીમનભાઈને પ્રતિવાદી નં. ૧૦ સુભાષ જગતાપનાઓએ આડુ અવળુ સમજાવી અવેજ ચુકવ્યા વગર આ જમીન અંગે

જરૂરી કાર્યવાહી કરવાની છે તે માટે કુ.મુ. પત્ર લઈ પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ સાથે મેળાપીપણુ કરી વાદીના નામે પણ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે તે વાદી નં. ૧ર ને કબુલ મંજુર નથી કે તેવા વેચાણ દસ્તાવેજમાં અમારી કોઈ સમંતિ નથી. જેથી હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ થયેલ રજી. વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા માટે કરેલ છે.

(૧.૩) વાદીઓએ કયારે પણ તેમના હકકો પ્રતિવાદીઓની તરફેણમાં જતા કરેલ નથી કે સદર દાવાવાળી જમીન અંગેના કોઈપણ વેચાણ અવેજ સ્વીકારી વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે કોઈ સહી સમંતિ આપેલ નથી. આમ, દાવાવાળી જમીનમાં વાદીઓનો હકક, હીસ્સો રહેલ છે અને તેની પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ અવગણના કરી વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે. જે પ્રતિવાદીઓનુ કૃત્ય ગેરકાયદેસર છે. તેમજ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ રદબાતલ અને નિરર્થક ઠરાવવા માટે વાદીનો કેસ પ્રથમ દર્શનીય મુજબુત છે. જેથી હાલનો દાવો વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ થયેલ રજી. વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા માટે દાખલ કરેલ છે.

(૧.૪) **<u>દાવાનું કારણ:–</u>**

વાદીઓને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાએ સદર દાવાવાળી જમીન જે વણ વહેચાયેલી વડીલોપાર્જિત જમીન છે અને તેમાં વાદીઓનો જન્મથી જ હકક, હીસ્સો સમાયેલ હોવા છતાં તેમજ જમીનની અરસ પરતની વહેચણી કયારેય પણ થયેલી ન હોવા છતાં પ્રતિવાદી નં. ૮, ૯ નાઓને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવ્યો ત્યારે તેમજ વાદીઓને પ્રતિવાદી નં. ૮, ૯ નાઓએ રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલાનું જણાવતાં તેમજ વાદીઓ બે દિવસ અગાઉ ખેતરમાં હતા તે સમયે સદરહુ દાવાવાળી જમીનનો કબજો પડાવી લેવા ધાક ધમકી આપી અમોને દાવાવાળી જમીનનો કબજો સુપ્રત કરાવી દેવાનુ જણાવતાં તેમજ તે માટે પ્રતિવાદી નં. ૮, ૯ ના મળતીયાઓએ કબજો છીનવી લેવાની પેરવીઓ શરૂ કરી ત્યારબાદ અમો વાદીએ દાવાવાળી જમીન અંગે જરૂરી માહીતી અને કાગળો મેળવ્યા ત્યારે તેમજ ત્યારબાદ દિન પ્રતિદિન આ દાવાનું કારણ આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

(૧.૫) **<u>સદર દાવાથી વાદીએ દાદ માંગેલ છે કે,</u>**

૧) આ કામના પ્રતિવાદી નં. ૮, ૯ નાને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ દાવાવાળી વણવહેચાયેલી વડીલોપાર્જિત જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ તા. ૧૬/૩/૨૦૦૯ ના રોજ રજી. નં. ૨૦૧૪ થી કરી આપેલ વેચાણ દસ્તાવેજ મુળથી જ અમો વાદીઓના હકક, હીત, હીસ્સા વિરૂધ્ધનો હોય રદબાતલ, નિરર્થક, બીનઅમલીય અને ગેરકાયદેસર છે તેવુ જ્ઞાપન / જાહેર કરી આપી હકુમત કરી આપશો. તેમજ વાદીઓના હીસ્સાનું દાવાવાળી જમીનનું બજવણી લાયક હુકમનામુ વાદીઓની તરફેણમાં કરી આપવા મે. થશે.

૨) પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓને આ કામના પ્રતિવાદી નં. ૮, ૯ નાઓને તેમજ વાદી નં. ૧૨ ના કહેવાતા કુલમુખત્યાર પ્રતિવાદી નં. ૧૦ નાને દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરવા કોઈપણ હકક કે અધિકાર રહેલ ન હતો તેવુ જ્ઞાપન કરી આપશો.

૩) પ્રતિવાદી નં. ૮, ૯ નાઓ દાવાવાળી જમીન જાત પરજાતે કે તેમના મળતીયા ઈસમો મારફતે કોઈપણ વ્યકિત ઈસમ કે સંસ્થાને બાનાખત, કોઈપણ કરાર, ગીરો, બક્ષીસ, વેચાણ કે ઈતર કોઈપણ રીતે દાવાવાળી જમીન તબદીલ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનના વાદીઓના કબજા ભોગવટામાં દખલ અડચણ કે હરકત કરે કરાવે નહી. દાવાવાળી જમીનનો વાપર, ઉપયોગ, ઉપભોગ કરતા, તેમાં ખેતી કરી ખેતી ઉત્પન્ન મેળવતાં અટકાવે નહી તેમજ તેમ કરવા કોઈ હકક, અધિકાર નથી તેવુ જ્ઞાપન કરી આપી, કાયમી તાકીદ ફરમાવશો તેવી કાયમી તાકીદ પ્રતિવાદીઓને ફરમાવશો.

૪) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશો તેમજ આ સિવાય ના. કોર્ટને યોગ્ય લાગે તેવી અને તેટલી ન્યાયની હરકોઈ દાદ અપાવશો.

**(૨)** ઉપરોકત હકીકતો અન્વયે દાવાનો સમનસ તેમજ હાલની અરજીની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૧ થી ૭ ને સમન્સ અને નોટીસ બજવા છતાં દાવાની ન્યાયીક કાર્યવાહીમાં જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા નથી અને વાદીની દાવા અરજી વિરૂધ્ધ કોઈ લેખિત જવાબ રજુ રાખેલ નથી.

(૩) પ્રતિવાદી નં. ૮ થી ૧૦ નાઓને સમન્સ નોટીસ બજી જતાં પ્રતિવાદી નં. ૮ થી ૧૦ નાઓએ આંક–૧૭ થી લેખિત જવાબ રજુ રાખેલ છે અને મોટાભાગની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને એવુ જણાવેલ છે કે, વાદીને દાવો કરવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી, ચોખ્ખા હાથે આવેલ નથી, જાણીબુઝીને કોર્ટથી સત્ય હકીકતો છુપાવેલ છે, તેમજ વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. વધુમાં જવાબમાં એવી તકરાર લીધેલ છે કે, વાદીઓનો દાવો ખરો નથી અને અમોને તે કબુલ નથી. વાદીઓની દાવા અરજી શુધ્ધબુધ્ધિ વિનાની હોય રદ થવાને પાત્ર છે. વાદીઓને દાવો કરવા માટે કોઈ કાયદેસરનું કારણ ઉપ્તન્ન થયેલ નથી. પ્રતિવાદીઓએ વાદીની સ્વીકાર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત જણાવે છે કે, મૈયત સોમાભાઈ દેસાઈભાઈ માળીને વાદી નં. ૧, ૨ ગંગાબેન તથા ચંદાબેન નામે કોઈ જ પુત્રીઓ ન હતી તથા પાછળથી ખોટુ પેઢીનામુ બનાવી ખોટા નામો દર્શાવેલા છે તેઓનો દાવાવાળી જમીનમાં કોઈ લાગ ભાગ ન હતો. દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં. ૧ થી ૭ તથા શાંતાબેન સોમાભાઈ તથા જમનાબેન સોમાભાઈના સંયુકત નામે ચાલતી હતી. તે પૈકી શાંતાબેન સોમાભાઈ તથા જમનાબેન સોમાભાઈ તથા ડાહીબેન સોમાભાઈએ પ્રતિવાદી નં. ૧ થી ૭ ની તરફેણમાં પોતાના હકકો જતા કરેલા. આમ, દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૧ થી ૭ ની માલીકી કબજા ભોગવટાની હતી અને તેઓએ કાયદેસરનો અવેજ સ્વીકારી સદર જમીન પ્રતિવાદી નં. ૮ તથા ૯ ને વેચાણ આપેલ છે. તે વેચાણ દસ્તાવેજ સામે વાંધો લેવા વાદીઓને કોઈ હકક કે અધિકાર નથી. પ્રતિવાદી નં. ૧ થી ૭ નાએ જે પ્રતિવાદી નં. ૮ થી ૧૦ ના લાભમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમાં કાંતિભાઈ સોમાભાઈ તથા રમણભાઈ સોમાભાઈએ જાતે સહીઓ કરેલ છે તેઓ તેમના કુટુંબના વહીવટકર્તા હતા જેથી તેઓએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની કાયદેસરતાને પડકારવા વાદી નં. ૭ થી ૧૨ ને કોઈ જ હકક કે અધિકાર નથી. સદર દાવા વાળી મિલકત મૈયત સોમાભાઈની વડીલોપાર્જિત મિલકત ન હતી પરંતુ સ્વપાર્જિત મિલકત હતી જેથી વાદીઓનો હકક તેમાં પોષાતો નથી. વાદીઓએ જે પેઢીનામુ બનાવેલ છે તે ખોટુ છે. દાવાવાળી જમીન ઉપર કબજો અમારો છે. વાદીઓએ અને પ્રતિ. નં. ૧ થી ૭

નાઓએ મેળાપીપણામાં દાવો દાખલ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૧૦ નાએ આડુ અવડુ સમજાવીને અવેજ ચુકવ્યા સિવાય જમીન અંગે કાર્યવાહી કરવાની છે માટે કુલમુખત્યાર પત્ર લઈ પ્રતિ. નં. ૧ થી ૭ સાથે મેળાપીપણુ કરી તેઓના નામે વેચાણ દસ્તાવેજમાં સહી કરેલાની હકીકત વાદી નં. ૧૨ ને કબુલ મંજુર નહી હોવાનુ કે તેમાં તેઓની સંમતિ નહી હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે. સદરહુ જમીનમાં ટી.પી. સ્કીમમાં સમાવિષ્ટ થતાં સુચિત ફાયનલ પ્લોટનો કબજો પ્રતિ. નં. ૮, ૯ નો છે. આમ, ઉપરોકત હકીકતો અને સંજોગો ધ્યાને લઈ વાદીઓએ માંગેલ દાદ તેમને મળવાપાત્ર નથી અને દાવો ખર્ચ સહ રદ થવા પાત્ર છે તથા અમોને વાદી પાસેથી વિશેષ ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦/– અપાવશોજી.

(૪) ત્યારબાદ અમારા પુરોગામી ન્યાયધીશશ્રીનાઓ ધ્વારા આંક–૪૩ થી નીચે મુજબના મુદા ઘડવામાં આવેલ છે.

**// મુદા //**

**૧).** શુ વાદી નં. ૧ અને ૨ સાબિત કરે છે કે, તેઓ મૈયત સોમાભાઈ દેસાઈભાઈની પુત્રીઓ છે?

**૨)** શુ વાદી નં. ૬ થી ૧૧ સાબિત કરે છે કે, તેઓનો દાવાવાળી મિલકતમાં જન્મથી જ અવિભાજય હકક હીસ્સો રહેલો છે?

**૩)** શુ વાદી નં. ૧૨ સાબિત કરે છે કે, પ્રતિવાદી નં. ૧૦ નાએ તેઓને આડુ અવળુ સમજાવી અવેજ ચુકવ્યા વગર જમીન અંગે જરૂરી કાર્યવાહી કરવાનુ જણાવી તેઓ પાસે કુલમુખત્યારનામુ લખાવી લીધેલ છે?

**૪)** શુ વાદી નં. ૧૨ સાબિત કરે છે કે, તેઓની સમંતિ વગર પ્રતિવાદી નં. ૧૦ નાએ તેઓના કુલમુખત્યાર તરીકે દાવાવાળી મિલકત અંગે પ્રતિવાદી નં. ૮ અને ૯ ની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે?

**૫)** શુ વાદી નં. ૩ થી ૫ (વાદી નં. ૩/૧ થી ૫/૩) સાબિત કરે છે કે, દાવાવાળી મિલકતમાં તેઓનો વારસાઈ હકક છે?

**૬)** શુ વાદીઓ સાબિત કરે છે કે, દાવાવાળી મિલકતમાં તેઓનો કબજો છે?

૭) શુ પ્રતિવાદી સાબિત કરે છે કે, તેઓ દાવાવાળી મિલકતના શુધ્ધબુધ્ધિપુર્વકના ખરીદનાર છે?

૮) શુ વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૯) શુ હુકમ અને હુકમનામુ?

(૫) ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે મુજબ છે?

**// નિર્ણય//**

૧) હકારમાં

૨) નકારમાં

૩) નકારમાં

૪) નકારમાં

૫) નકારમાં

૬) નકારમાં

૭) હકારમાં

૮) નકારમાં

૯) આખરી નિર્ણય મુજબ

**<u>વાદીની જુબાની:-</u>**

(૬) વાદી નં. ૮, નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરીનું સરતપાસ સ્વરૂપે સોગંદનામુ આંક-૪૬ થી રજુ થયેલ છે. તેમાં તેઓએ આંક-૧ ની દાવા અરજીનું પુનરાવર્તન કરેલ હોય રીપીટેશન ના કારણોસર તેનો ઉલ્લેખ અહીં કરવામાં આવતો નથી.

**<u>પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તરફે વાદીની ઉલટતપાસ:-</u>**

(૬.૧) પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તરફેની વાદીની વિગતવારની ઉલટતપાસમાં વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેઓ બધા વાદીઓ

તરફે જુબાની આપવા માટે સત્તા આપેલ હોય તેવા કોઈ કાગળ રજુ કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, રઈબેન સોમાભાઈ માળી વિગેરેના ઓએ પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તે તા. ૧૬/૩/૨૦૧૬ ના રોજ રૂા. ૨૭,૩૨,૦૦૦/–નો વેચાણ દસ્તાવેજ કરી આપેલ. જે જમીન માટે દાવો કરેલ છે તેની કિંમત કેટલી થાય તે તેઓ કહી શકે નહી. તે વાતની તેમને ખબર નથી કે, દાઉદભાઈએ જે બાનાખત કરેલ તેમાં કિંમત ૧,૦૧ ,૫૦,૦૦૦/– દર્શાવેલ છે. તે વાતની તેમને ખબર નથી કે, કાંતિભાઈ, હીરાબેન, અશોકભાઈ વિગેરેનાઓએ પ્રતિવાદી નં. ૮ થી ૧૦ ને દસ્તાવેજ કરેલ છે તેમાં પંચાવન કરોડ લીધેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, સદર જમીન બાબતે વાદીઓને તથા પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓને અંદરો અંદર કોઈ તકરાર નથી. તેઓ કોઈ જગ્યા પર દસ્તાવેજ કરવા ગયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, આ જમીન વેચી તે વખતે સાતબારમાં જેને જમીન વેચી તેઓના નામ હતા અમારા નામ ન હતા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, આંક–૭૭ વાળા દસ્તાવેજમાં મારા પિતા કાંતિભાઈ તથા રમણભાઈએ સહી કરેલી છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, સોમાભાઈના વારસોના અલગઅલગ હીસ્સા કરેલ નથી. તે વાતની તેમને ખબર નથી કે, આખી જમીન વેચાણ આપેલી છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, આ જમીનમાં ટી.પી. સ્કીમ ફાઈનલ પ્લોટ પડી ગયેલ છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરી જણાવેલ છે કે, તેનો કબજો પ્રતિવાદી નં. ૮ થી ૧૦ નો છે.

સવાલ: પ્રતિવાદી નં. ૮ થી ૧૦ અમોને દાવાવાળી જમીનનો પરત દસ્તાવેજ કરી આપે તો તમો તેઓના ચુકવેલા નાણાં વ્યાજબી વળતર સાથે પરત કરવા તૈયાર છો?

જવાબ: હા.

તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેમના તરફથી જે ખેડુત ખાતાવહી રજુ થયેલ છે તે જુની દર્શાવેલ છે.

**<u>પ્રતિવાદી નં. ૮ નાઓની જુબાની :–</u>**

**(૭)** પ્રતિવાદી નં. ૮ નરેન્દ્ર શનાલાલ ત્રિવેદીનું સરતપાસ સ્વરૂપે સોગંદનામુ આંક–૯૨ થી રજુ થયેલ છે. દાવા અરજીના સામે આપેલ જવાબનું પુનરાવર્તન કરેલ હોય રીપીટેશન ના કારણોસર તેની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી.

**<u>વાદી તરફે પ્રતિવાદી નં. ૮ નાઓની ઉલટતપાસ :–</u>**

(૭.૨) વાદી તરફે પ્રતિવાદી નં. ૮ ની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે વં ચાણે લેતા, તેઓ એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, દાવાવાળી જમીન બાબતે કોઈ ટાઈટલ લીધેલ હોય તેવો કોઈ દસ્તાવેજ પરુાવો આ કામે રજુ કરેલ નથી. તેઓ ઈન્કમટેક્ષ ભરતા નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, તેઓ ખેડુત ખાતેદાર હોવા બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો તેમણે આ કામે રજુ કરેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, તેમણે વારસાઈ અને પેઢીનામુ જોઈને સદરહુ જમીન વેચાણ રાખેલી. તે વાતની તેમને ખબર નથી કે, કોઈ વ્યકિત ખોટુ પેઢીનામુ બનાવીને રજુ કરે તો હક માર્યો ન જાય. તેઓ એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, આંક–૭૭ વાળા વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ રકમ સિવાય બીજી કોઈ રકમ ચુકવેલ નથી.મુળ જમીનના માલીક સોમાભાઈના વારસો હતા. સોમાભાઈના વારસોને વારસાઈમાં જમીન મળેલ.

સવાલ: સોમાભાઈના વારસોના વારસોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલી છે?

જવાબ: જેના ૭/૧૨ માં ના હતા તેઓએ સહી કરેલી છે.

તે વાતની તેમને ખબર નથી કે, પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ દાવાવાળી જમીનના સ્વતંત્ર માલીક છે તે બતાવવા તેમણે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે કે કેમ. એ વાતની તેમને ખબર નથી કે, દાવાવાળી મિલકતમાં વાદીનોનો વણવહેચાયેલો હીસ્સો આવેલ છે.

સવાલ: તમે ૨૦૦૯ માં દસ્તાવેજ કરેલ ત્યારબાદ આજદિન સુધી નામ ચઢાવવા માટે રેવન્યુ રેકર્ડમાં કોઈ કાર્યવાહી કરેલ નથી?

જવાબ: મે મારા વકીલ સાહેબને બધુ આપેલ છે.

(૮) **વાદી તરફે રજુ રાખેલ પુરાવાઓ:–**

➢ **વાદી તરફે મૌખિક પુરાવો:–**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં. ૮, નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરીની જુબાની | ૪૬ |

➢ **વાદી તરફે દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | દાવાવાળી જમીનની ખેડુત ખાતાવહી અસલ કોપી | ૪૯ |
| ૨ | ગામ નમુના નં. ૭/૧૨ નો ઉતારો, ૧૯૫૧–૫૨ થી ૧૯૬૦–૬૧ ની સટીફાઈડ નકલ | ૫૦ |
| ૩ | ગામ નમુના નં. ૭/૧૨ નો ઉતારો, ૧૯૬૧–૬૨ થી ૧૯૭૦–૭૧ ની સટીફાઈડ નકલ | ૫૧ |
| ૪ | ગામ નમુના નં. ૭/૧૨ નો ઉતારો, ૧૯૭૧–૭૨ થી ૧૯૬૧–૬૨ ની સટીફાઈડ નકલ | ૫૨ |
| ૫ | ગામ નમુના નં. ૭/૧૨ નો ઉતારો, ૧૯૮૨–૮૩ થી ૧૯૮૭–૮૮ ની સટીફાઈડ નકલ | ૫૩ |
| ૬ | ગામ નમુના નં. ૭/૧૨ નો ઉતારો, ૧૯૮૮–૮૯ થી ૨૦૦૩–૨૦૦૪ ની સટીફાઈડ નકલ | ૫૪ |
| ૭ | ગામ નમુના નં. ૭ નો ઉતારો, | ૫૫ |
| ૮ | ગામ નમુના નં. ૭ નો ઉતારો, | ૫૬ |
| ૧૦ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, | ૫૭ |
| ૧૧ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૦૩–૦૪ થી ૨૦૦૫–૦૬ ની સટીફાઈડ નકલ | ૫૮ |
| ૧૨ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૦૬–૦૭ થી ૨૦૦૮–૦૯ ની સટીફાઈડ નકલ | ૫૯ |
| ૧૩ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૦૯–૧૦ થી ૨૦૧૧–૧૨ ની સટીફાઈડ નકલ | ૬૦ |
| ૧૪ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૧૨–૧૩ થી ૨૦૧૪–૧૫ ની સટીફાઈડ નકલ | ૬૧ |

| | | |
|---|---|---|
| ૧૫ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૧૫–૧૬ થી ૨૦૧૭–૧૮ ની સટીફાઈડ નકલ | ૬૨ |
| ૧૬ | ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, સને ૨૦૧૮–૧૯ થી ૨૦૨૦–૨૧ ની સટીફાઈડ નકલ | ૬૩ |
| ૧૭ | ગામ નમુનો નં. ૬– હક પત્રક | ૬૪ |
| ૧૮ | ફેરફાર નોંધ નં. ૩૬૩૮ વારસદારોની વારસાઈ નોંધની સર્ટીફાઈડ નકલ | ૬૫ |
| ૧૯ | ફેરફાર નોંધ નં. ૪૨૧૪ વારસદારોની વારસાઈ નોંધની સર્ટીફાઈડ નકલ | ૬૬ |
| ૨૦ | ફેરફાર નોંધ નં. ૪૨૭૫ વારસદારોની વારસાઈ નોંધની સર્ટીફાઈડ નકલ | ૬૭ |
| ૨૧ | ફેરફાર નોંધ નં. ૪૩૪૮ વારસદારોની વારસાઈ નોંધની સર્ટીફાઈડ નકલ | ૬૮ |
| ૨૨ | ફેરફાર નોંધ નં. ૪૩૪૯ વારસદારોની વારસાઈ નોંધની સર્ટીફાઈડ નકલ | ૬૯ |
| ૨૩ | પેઢીનામાનું સોગંદનામુ નોટરી ટ્રુ કોપી | ૭૦ |
| ૨૪ | પેઢીનામાનું સોગંદનામુ નોટરી ટ્રુ કોપી | ૭૧ |
| ૨૫ | પેઢીનામાનું સોગંદનામુ નોટરી ટ્રુ કોપી | ૭૨ |
| ૨૬ | સોમાભાઈ દેસાઈભાઈ માળીનો મરણ દાખલો અસલ | ૭૩ |
| ૨૭ | સુરજબેન સોમાભાઈ માળીનો મરણ દાખલો અસલ | ૭૪ |
| ૨૮ | ડહીબેન છગનભાઈ માળીનો મરણ દાખલો અસલ | ૭૫ |
| ૨૯ | વડોદરા મહાનગર સેવા સદન તરફથી ટાઉન પ્લાનીંગ એકટની કલમ–૬૯ ની નોટીસની અસલ કોપી | ૭૬ |
| ૩૦ | પ્રતિવાદી નં. ૮ અને ૯ નાએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૨૦૧૪ ની સર્ટીફાઈડ કોપી | ૭૭ |

(૮.૧) વાદીઓએ આંક–૮૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૯) **<u>પ્રતિવાદી તરફે રજુ રાખેલ પુરાવાઓ :–</u>**

- **<u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં. ૮ નરેન્દ્ર શનાલાલ ત્રિવેદીની જુબાની | ૯૨ |

➢ **<u>પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | મોજે ગામ તાંદળજાના ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૫ ના ગામ નમુના નં. ૬ હકક પત્રની સહી સીકકાવાળી નકલ | ૯૫ |
| ૨ | મોજે ગામ તાંદળજાના ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૭૦૬ ના ગામ નમુના નં. ૬ હકક પત્રની સહી સીકકાવાળી નકલ | ૯૬ |

(૯.૧) પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તરફે આંક–૯૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**(૧૦)** સદર કામે આંક–૯૯ થી વાદી તરફે આખરી સુનાવણી માટે લેખિત દલીલો રજુ થયેલ છે સાથે નીચે મુજબના જજમેન્ટો રજુ રાખેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

1. 2022 Live Law (SC) 165
   B.R.PATIL VERSUS TULSA Y. SAWKAR & ORS
2. 2021(0) AIJEL -SC 67852
   Prabhagiya Van Adhikari Awadh Van Prabhag
   Versus Arun Kumar Bhardwaj
3. 2021(0) AIJEL-SC 67695
   Jitendra Singh Versus State of Madhya Pradesh
4. 2021(0) AIJEL-HC 243055
   Nagben D/o Vithalbhai Motibhai Versus Bhikhabhai Ranchhodbhai
5. 2009 (0) AIJEL-SC 44181
   Amrit Lal Versus Maharani
6. 1996 (0) AIJEL - SC 27989
   State of Himachal Pradesh Versus Keshav Ram

7. 2020(0) AIJEL - SC 66451
Vineeta Sharma Versus Rakesh Sharma and ors

**(૧૧)** સદર કામે આંક–૧૧૦ થી પ્રતિવાદી નં. ૮ થી ૧૦ તરફે લેખિત દલીલો રજુ થયેલ છે જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

## **–: નિર્ણયના કારણો :–**

**મુદા નં. ૧ ની ચર્ચા:–**

**(૧૨)** મુદા નં. ૧ પુરવાર કરવાની જવાબદારી વાદીઓના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૧ પુરવાર કરવા માટે વાદીએ આંક–૪૬ થી નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાથે સાથે આંક–૪૯ થી આંક–૭૭ સુધીના રેવન્યુ રેકર્ડ, પેઢીનામા તથા સોમાભાઈ દેસાભાઈનો મરણનો દાખલો તથા સુરજબેન સોમાભાઈનો મરણનો દાખલો તથા ડાહીબેન છગનભાઈ માળીના મરણનો દાખલો તથા વડોદરા મહાનગર સેવા સદન તરફથી આપવામાં આવેલ ટી.પી.એકટની કલમ–૬૯ ની નોટીસ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે.

(૧૨.૧) વાદી નીરૂબેનની આંક–૪૬ ની સરતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ તેઓ મૈયત સોમાભાઈ દેસાભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી જમીનમાં તેઓનો જન્મથી જ હકક, હીસ્સો આવેલ છે. દાવાવાળી જમીન વણવહેચાયેલી અને વડીલોપાર્જિત જમીન છે તેવુ જણાવેલ છે અને સાથે સાથે સોગંદનામામાં જ વાદી નં. ૧, ૨ ગંગાબેન તથા ચંદાબેન બંને સોમાભાઈની પુત્રીઓ હયાત તેવુ સોગંદનામામાં પેઢીનામુ દર્શાવેલ છે. સદર વાદીની પ્રતિવાદી નં. ૮ થી ૧૦ ના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ વાદીએ પોતાની ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, મને બધા વાદીઓ તરફથી જુબાની આપવા માટે સત્તા આપવામાં આવેલ છે, સત્તા આપેલ હોય તેવા કોઈ કાગળ મેં રજુ કરેલ નથી. વધુમાં એવી હકીકત સ્વીકારેલી છે કે, આ જમીન બાબતે અમારે વાદીઓને અને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાને અંદરો અંદર કોઈ તકરાર નથી.

ઉલટતપાસમાં પેઢીનામા બાબતે પુછવામાં આવેલ ત્યારે તેઓએ જણાવેલ કે, એ વાત ખરી નથી કે, અમોએ જે પેઢીનામુ રજુ કરેલ છે તે સુરેશભાઈના સોગંદનામાના આધારે રજુ કરેલ છે. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, અમે જન્મના દાખલા કે આધાર કાર્ડ રજુ કરેલ નથી. પ્રતિવાદીએ તેના જવાબ આંક–૧૭ માં પેરા–૧૨ અને પેજ નં. ૪ ઉપર એવી તકરાર ઉઠાવેલ છે કે, વાદીઓ પૈકી વાદી નં. ૧, ૨ મૈયત સોમાભાઈની પુત્રીઓ નથી પરંતુ પાછળથી પોતાના ખોટા કેસને પૃષ્ટિ આપવા ખોટી વ્યકિતના નામો પુત્રી તરીકે દર્શાવેલ છે. હવે, વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા જોતા હાલના વાદી નં. ૧, ૨ નાઓનું પેઢીનામુ તા. ૩/૨/૧૨ ના રોજ તૈયાર કરવામાં આવેલ છે. સદર સોગંદનામા આંક–૭૦, આંક–૭૧ અને આંક–૭૨ થી રેકર્ડમાં સામેલ છે જે માનસહ વંચાણે લેવામાં આવે તો પેઢીનામામાં વાદી નં. ૧, ૨ નું નામ આંક–૭૦ અને આંક–૭૧ ના છે. જે તલાટી રૂબરૂના સોગંદનામા છે જેમાં રમણભાઈ સોમાભાઈ નાઓ ધ્વારા જાહેર કરવામાં આવેલ છે અને આંક–૭૨ વાળુ સોગંદનામુ સુરેશભાઈ શંકરભાઈ માળીનાઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ કામે વાદી નં. ૧, ૨ ના કોઈ જન્મના દાખલા રજુ કરવામાં આવેલ નથી કે કોઈ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ નથી. આંક–૪૬ ની ઉલટતપાસ જોવામાં આવે તો એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પેઢીનામુ બનાવ્યુ તે વખતે વારસોનો કોઈ આધાર રજુ કરેલ નથી. આંક–૭૦, આંક–૭૧ વાળુ પેઢીનામુ વંચાણે લેવામાં આવે તો રમણભાઈ સોમાભાઈ કે જેઓ સોમાભાઈના દીકરા હોય તેમના ધ્વારા બનાવવામાં આવેલ એટલે ગંગાબેન અને ચંદાબેન તેમની બેન હયાત છે તેવુ સોગંદનામામાં જણાવેલ છે તેમના ભાઈએ પેઢીનામુ તૈયાર કરાવેલ હોય તેને વારસો અંગે પુરેપુરી જાણકારી હોય પ્રતિવાદી તરફે ઉલટતપાસના અંતે એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે, વાદી નં. ૧ અને ૨ સોમાભાઈની દીકરી નથી. રેવન્યુ એન્ટ્રી ફેરફાર નોંધ નં. ૪૨૧૪ ની વંચાણે લેવામાં આવે તો તે તા. ૩/૭/૨૦૧૪ ના રોજની છે અને તા. ૪/૧૦/૨૦૧૪ ના રોજ પ્રમાણિત થયેલી છે તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, સોમાભાઈ દેસાભાઈ ના અવસાન થવાથી તેમના વારસોના નામ દાખલ કરેલ. આ એન્ટ્રીને આજદિન સુધી પ્રતિવાદીઓને ચેલેંજ કરેલ હોય કે રીવર્સ કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ પર નથી. માત્ર

પેઢીનામુ ખોટુ છે અને ગુજરનારની પુત્રીઓ નથી તેવી તકરાર લેવાથી તેઓ વારસો તરીકે મટી જતાં નથી. રેવન્યુ એન્ટ્રી એ રીબર્ટલ પુરાવો છે અને અધિકારીએ તેમની ફરજની રૂઈએ કાર્ય કરતાં પાડવામાં આવેલ નોંધ છે જયાં સુધી તેનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી તે નોંધ યોગ્ય રીતે કરવામાં આવેલ છે તેવો કાયદાકીય સિધ્ધાંત છે. રજુ થયેલ ઉલટતપાસ જોતા પ્રતિવાદીએ હકીકતનું ખંડન કરેલ નથી કે, વાદી નં. ૧, ૨ ગુજરનાર સોમાભાઈ દેસાભાઈની દીકરીઓ નથી. આમ, વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી મુદા નં. ૧ વાદી પુરવાર કરવામાં સફળ થયેલાનું ઠરાવી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં. ૨ ની ચર્ચા:-**

**(૧૩)** મુદા નં. ૨ પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૨ પુરવાર કરવા માટે વાદીએ આંક-૪૬ થી નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાથે સાથે આંક-૪૯ થી આંક-૭૭ સુધીના રેવન્યુ રેકર્ડ, પેઢીનામા તથા સોમાભાઈ દેસાભાઈ નો મરણનો દાખલો તથા સુરજબેન સોમાભાઈનો મરણનો દાખલો તથા ડાહીબેન છગનભાઈ માળીના મરણનો દાખલો તથા વડોદરા મહાનગર સેવા સદન તરફથી આપવામાં આવેલ ટી.પી.એકટની કલમ-૬૯ ની નોટીસ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે.

(૧૩.૧) વાદી નીરૂબેનની આંક-૪૬ ની સરતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ તેઓ મૈયત સોમાભાઈ દેસાભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી જમીનમાં તેઓનો જન્મથી જ હકક, હીસ્સો આવેલ છે. દાવાવાળી જમીન વણવહેચાયેલી અને વડીલોપાર્જિત જમીન છે તેવુ જણાવેલ છે. આ કામે આંક-૭૭ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો આ વેચાણ દસ્તાવેજ તા. ૧૬/૩/૦૯ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ છે. આ દસ્તાવેજમાં રમણભાઈ સોમાભાઈ અને કાંતિભાઈ સોમાભાઈએ તથા ચીમનભાઈના વારસદારો તથા રહીબેન સોમાભાઈ, મણીભાઈ સોમાભાઈ અને લલ્લુ ભાઈ સોમાભાઈનાઓ ઘ્વારા તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં. ૮, ૯ ને કરી આપેલ

છે જે સબરજીસ્ટ્રાર વડોદરા સમક્ષ નં. ૨૦૧૪ થી નોંધવામાં આવેલ છે એટલે વાદી નં. ૬ થી વાદી નં. ૧૧ કાંતિભાઈ તથા રમણભાઈના વારસદારો હોય તેઓને આ દસ્તાવેજ બાબતે વાંધો લેવાનો કોઈ હકક કે અધિકાર નથી. દસ્તાવેજ સમયે આવો કોઈ વાંધો લીધેલ હોય તેવુ રેકર્ડ પર નથી. દાવાવાળી મિલકત બાઈ સુરી અને સોમાભાઈ દેસાભાઈએ સને ૧૯૬૧ માં વેચાણ રાખેલ છે જેની ફેરફાર નોંધ નં. ૭૦૬ છે અને જે દસ્તાવેજ આંક–૯૬ થી ગામ નમુના નં. ૬ થી રજુ થયેલ છે. ઉલટતપાસમાં પણ આ હકીકત વાદીએ સ્વીકારેલી છે જેથી દાવાવાળી મિલકત કોપાર્સનરી મિલકત કહી શકાય નહી અને વાદીઓનો દાવાવાળી મિલકતમાં જન્મથી જ હકક છે તેમ કહી શકાય નહી. જેથી વાદી નં. ૬ થી ૧૧ કે જેઓના પિતાએ આ જમીન વેચાણ તેઓની હયાતીમાં આપેલ હોય અને વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે જેથી વાદી નં. ૬ થી ૧૧ નો જન્મથી દાવાવાળી મિલકતમાં અવિભાજય હકક ના હોય જેથી તેઓનો દાવાવાળી મિલકતમાં હકક, હીસ્સો છે તેવી હકીકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં તેઓ નિષ્ફળ નિવડેલ હોવાનુ ઠરાવી મુદા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૩ તથા ૪ ની ચર્ચા:–</u>**

**(૧૪)** મુદા નં. ૩ તથા ૪ પુરવાર કરવાની જવાબદારી વાદીઓના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૩ તથા ૪ ની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર મુદા નં. ૩ અને ૪ ની સંયુકત ચર્ચા કરવામાં આવે છે. મુદા નં. ૩ અને ૪ પુરવાર કરવા માટે વાદીએ આંક–૪૬ થી નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈ ની દીકરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાથે સાથે આંક–૪૯ થી આંક–૭૭ સુધીના રેવન્યુ રેકર્ડ, પેઢીનામા તથા સોમાભાઈ દેસાભાઈ નો મરણનો દાખલો તથા સુરજબેન સોમાભાઈનો મરણનો દાખલો તથા ડાહીબેન છગનભાઈ માળીના મરણનો દાખલો તથા વડોદરા મહાનગર સેવા સદન તરફથી આપવામાં આવેલ ટી.પી.એકટની કલમ–૬૯ ની નોટીસ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે.

(૧૪.૧) વાદી નીરૂબેનની આંક–૪૬ ની સરતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ તેઓ મૈયત સોમાભાઈ દેસાભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી

જમીનમાં તેઓનો જન્મથી જ હકક, હીસ્સો આવેલ છે. દાવાવાળી જમીન વણવહેચાચેલી અને વડીલોપાર્જિત જમીન છે તેવુ જણાવેલ છે. આ કામે આંક–૭૭ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો આ વેચાણ દસ્તાવેજ તા. ૧૬/૩/૦૯ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ છે. આ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો આ દસ્તાવેજ કરી આપનાર તારાબેન ચીમનભાઈના કુલમુખત્યાર સુભાષ હેમચંદ્ર જગતાપ નાઓ ધ્વારા કરી આપવામાં આવેલ છે. સદર તારાબેન પણ ચીમનભાઈના વારસ છે અને આવુ કોઈ મુખત્યારનામુ સમગ્ર પુરાવા દરમ્યાન રજુ થયેલ નથી. આ મુખત્યારનામુ ખોટુ છે અથવા તો બનાવટી છે અને ઉભુ કરેલ છે તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે વાદી નં. ૧૨ જાતે આવી અને આવી કોઈ જુબાની આપેલ નથી જયાં સુધી આવુ મુખત્યારનામુ રકેર્ડ ઉપર ના આવે ત્યાં સુધી તથા આવુ મુખત્યારનામુ બનાવટી ફોર્જ છે તેવી હકીકત રેકર્ડ ઉપર ન આવે ત્યાં સુધી મુખત્યારનામાની રૂઈએ દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. આ ઉપરાંત વાદી નં. ૧૨ નાને પ્રતિવાદી નં. ૧૦ નાએ આડુ અવડુ સમજાવીને કુલમુખત્યારનામુ લખાવી લીધેલ છે તેવો આક્ષેપ છે ત્યારે રેકર્ડ ઉપરની હકીકત ઘ્યાને લેતા તેમજ કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા લોભ–લાલચ કે પ્રલોભન હેઠળ કોઈ લખાણ કરાવી લીધેલ હોય ત્યારે તે અંગે સ્પષ્ટ હકીકતો વાદીએ જણાવવી જોઈએ. વાદીએ માત્ર આવુ કહેવાથી તે હકીકત પુરવાર માની શકાય નહી. કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ વાદી જે હકીકત પુરવાર કરવા માંગતા હોય તે હકીકત તેઓએ દસ્તાવેજી પુરાવાઓથી અને મૌખિક પુરાવાઓથી સમર્થનકારક પુરાવો રજુ કરી અને પુરવાર કરવી જોઈએ. હાથ પરના કેસમાં આવુ કોઈ મુખત્યારનામુ રજુ થયેલ નથી કે કોઈ ફ્રોડ બાબત તેની કાર્યવાહી કરેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપર નથી. તેથી વાદી નં. ૧૨ ની સમંતિ વગર પ્રતિવાદી નં. ૮ અને ૯ ને તેઓએ વેચાણ દસ્તાવેજ મુખતચારનામાની રૂઈએ પ્રતિવાદી નં. ૮, ૯ ની તરફેણમાં કરી આપેલ હોવાની હકીકત વાદીઓ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલાનું ઠરાવી મુદા નં. ૩ તથા ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૫ ની ચર્ચાઃ–</u>**

**(૧૫)** મુદા નં. ૫ પુરવાર કરવાની જવાબદારી વાદીઓના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૫ પુરવાર કરવા માટે વાદીએ આંક–૪૬ થી નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ સોમાભાઈની દીકરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાથે સાથે આંક–૪૯ થી આંક–૭૭ સુધીના રેવન્યુ રેકર્ડ, પેઢીનામા તથા સોમાભાઈ દેસાભાઈ નો મરણનો દાખલો તથા સુરજબેન સોમાભાઈનો મરણનો દાખલો તથા ડાહીબેન છગનભાઈ માળીના મરણનો દાખલો તથા વડોદરા મહાનગર સેવા સદન તરફથી આપવામાં આવેલ ટી.પી.એકટની કલમ–૬૯ ની નોટીસ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે.

(૧૫.૧) વાદી નીરૂબેનની આંક–૪૬ ની સરતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ તેઓ મૈયત સોમાભાઈ દેસાભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી જમીનમાં તેઓનો જન્મથી જ હકક, હીસ્સો આવેલ છે. દાવાવાળી જમીન વણવહેચાયેલી અને વડીલોપાર્જિત જમીન છે તેવુ જણાવેલ છે. પરંતુ આ કામે વાદી નં. ૩ થી ૫ નાઓ દ્વારા દાવાવાળી જમીનમાં પોતાનો વારસાઈ હકક હોવા બાબતે કોઈ સોગંદનામુ રજુ કરેલ નથી કે સાક્ષી તરીકે જુબાની રજુ કરેલ છે. તેઓને આંક–૪૬ની જુબાની વંચાણે લેવામાં આવે તો આ જુબાની કાંતિભાઈની દીકરી નીરૂબેનની જુબાની રજુ થયેલ છે જયારે વાદી નં. ૩ થી ૫ નાઓ પૈકી ૩/૧ થી ૩/૨ તે મૈ. સોમાભાઈની દીકરી મૈ.શાંતાબેનના વારસો છે. ૪/૧ થી ૪/૨ સોમાભાઈની મૈયત પુત્રી ડાહીબેનના વારસો છે અને ૫/૧ થી ૫/૩ નાઓ મૈ. રવજીભાઈના પુત્ર મૈ. નગીનભાઈના વારસોનું પેઢીનામુ આંક–૭૦ વંચાણે લેવામાં આવે તો રાવજીભાઈના પેઢીનામામાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આંક–૪૬ ની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે વાદીએ કબુલ રાખેલ છે કે, આ જમીન બાબતે અમારે વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૭ ને અંદરો અંદર કોઈ તકરાર નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે, જમીન વેચી ત્યારે ૭/૧૨ માં જેના નામ હતા તેને વેચેલી. આ કામે રજુ થયેલ દસ્તાવેજ આંક–૭૭ વાળો સને ૨૦૦૯ ની સાલમાં કરવામાં આવેલ છે. ડાહીબેન અને શાંતાબેન કે જેઓ મરણ પામેલા ત્યારબાદ સને ૨૦૧૪ માં તેમના નામ દાખલ કરવામાં

આવેલ છે જયારે દસ્તાવેજ ૨૦૦૯ ની સાલમાં થયેલ છે. આમ, આ સમયગાળા દરમ્યાન હાલના વાદીએ કોઈ વાંધો તકરાર લીધેલ હોય તેવુ રેકર્ડ ઉપર લાવેલ નથી એટલે આ બાબતે ઉલટતપાસમાં પણ પ્રતિવાદીના વકીલશ્રી ધ્વારા એવો પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, પ્ર તિવાદીના ઘરે અમારે આવવા જવાનો રીવાજ છે અને સારા નરસા પ્રસંગે ભેગા થઈએ છીએ અને એ હકીકત પણ સ્વીકારેલ કે બધા ભેગા થયેલ હોવાથી જે કાંઈ વ્યવહાર થાય તેની જાણ કરે તો સ્વાભાવિક છે કે, આ દસ્તાવેજ બાબતે આ વાદીઓને સંપુર્ણપણે જાણકારી હોય તેવુ માનવાને કારણ ઉત્પન્ન થાય છે તેમજ આ વાદી અને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ મેળાપીપણામાં દાવો કર્યો હોવા બાબતના પ્રશ્નો ઉલટતપાસમાં કરવામાં આવેલ છે અને વધુમાં ઉલટતપાસમાં એવી પણ હકીકત સ્વીકારેલ છે કે, પ્રતિવાદી નં. ૧ થી ૭ ને કોઈ તકરાર નથી. આમ, સદર દાવો વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓને ભેગા મળીને કરેલ હોય તેવુ જણાવેલ છે. તેમજ આ દસ્તાવેજ થયેલાની તેઓને જાણ નથી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ આટલા લાંબા સમયથી તેઓએ રેવન્યુ રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરવા માટે કરેલ હોય તેનો કોઈ ખુલાસ રેકર્ડ ઉપર આવતો નથી. આ તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવી જોઈએ. પેઢીનામામાં રવજીભાઈનું કોઈ નામ નથી. શાં તાબેન સને ૧૯૯૯ માં અવસાન પામેલ છે જયારે ડાહીબેન સને ૨૦૦૧ માં અવસાન પામેલ છે. માત્ર રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ છે તેનાથી કોઈ તેમનો હકક કે હીસ્સો છે તેવુ માની શકાય નહી જયારે તેમના વડીલો ધ્વારા તેમની હયાતીમાં પ્રતિવાદી નં. ૮ થી ૯ નાઓને દસ્તાવેજ કરી આપેલ છે. હાલ જે વારસો આવેલ છે તે ચોથી અને પાંચમી ડીગ્રીના વારસો છે તેઓ કાયદેસર રીતે પોતાનો હકક દાવાવાળી જમીનમાં પુરાવાથી તેઓનો વારસાઈ હકક રહેલ છે તેવુ સાબિત કરી શકેલ નથી. જેથી મુદા નં. ૫ વાદી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલનું ઠરાવી મુદા નં. ૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૬ ની ચર્ચા:–</u>**

**(૧૬)** મુદા નં. ૬ પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૬ પુરવાર કરવા માટે વાદીએ આંક–૪૬ થી નીરૂબેન કાંતિભાઈ માળી તે કાંતિભાઈ

સોમાભાઈની દીકરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાથે સાથે આંક–૪૯ થી આંક–૭૭ સુધીના રેવન્યુ રેકર્ડ, પેઢીનામા તથા સોમાભાઈ દેસાભાઈ નો મરણનો દાખલો તથા સુરજબેન સોમાભાઈનો મરણનો દાખલો તથા ડાહીબેન છગનભાઈ માળીના મરણનો દાખલો તથા વડોદરા મહાનગર સેવા સદન તરફથી આપવામાં આવેલ ટી.પી.એકટની કલમ–૬૯ ની નોટીસ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે.

(૧૬.૧) વાદી નીરૂબેનની આંક–૪૬ ની સરતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ તેઓ મૈયત સોમાભાઈ દેસાભાઈ માળીના સીધી લીટીના વારસદારો છે અને દાવાવાળી જમીનમાં તેઓનો જન્મથી જ હકક, હીસ્સો આવેલ છે. દાવાવાળી જમીન વણવહેચાયેલી અને વડીલોપાર્જિત જમીન છે તેવુ જણાવેલ છે એટલે કબજો અમારો છે તેવુ જણાવેલ છે પરંતુ દાવાવાળી જમીન ઉપર ઉલટતપાસ જોવામાં આવે તો તે હકીકત નિર્વિવાદ છે કે દાવાવાળી જમીન વેચાણ પામેલ છે અને તેના વડીલે વેચાણ કરેલ છે અને તે હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે દાવાવાળી જમીનમાં ટી.પી.સ્કીમ પડી ગયેલ છે. ઉલટતપાસમાં તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદી નં. ૮ થી ૧૦ નો છે. પોતાનો કબજો હોવાનુ જણાવેલ છે પરંતુ દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો હોય તે બાબતે વાદીઓ દ્વારા આંક–૫૮ થી આંક–૬૩ સુધીના ૭/૧૨ ની નકલ રજુ થયેલ છે જે તા. ૩૦/૬/૨૧ ના રોજની પ્રિન્ટ નકલો છે જેમાં વાદીઓના નામ સર્વે નં. ૨૭૨/૧ પુરતા ચાલુ છે. આંક–૭૭ વાળો વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો તેમાં દાવાવાળી જમીન બાબતે કબજો સોંપ્યા અંગેની હકીકત જણાવવામાં આવેલ છે પણ આજની તારીખે પ્રતિવાદીઓનો કોઈ કબજો હોય તેવુ રેકર્ડ પરથી જણાઈ આવતુ નથી. તેઓએ આંક–૯૨ થી પોતાની સરતપાસ આપેલ છે તેની ઉલટતપાસ વાદીના વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે તેમાં તેણે સ્પષ્ટપણે એવુ જણાવેલ છે કે દસ્તાવેજ કરેલ. ત્યારબાદ આજદિન સુધી રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી તેનો મતલબ એ છે કે, સીધે સીધો જ વાદીના રેવન્યુ રેકર્ડ પ્રમાણે દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો હોવા અંગેની હકીકત માની શકાય પરંતુ આ જમીનમાં ટી.પી. સ્કીમ અને ફાઈનલ પ્લોટ પડી ગયેલ છે તેવુ પણ

વાદી ધ્વારા સ્વીકારવામાં આવેલ છે એટલે આ જમીનમાં પ્લોટીંગ થયેલ છે તે બાબતના કોઈ દસ્તાવેજ રજુ કરવા વાદીઓ કે પ્રતિવાદીઓ ધ્વારા કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી. જેથી આ દસ્તાવેજો રેકર્ડ ઉપર આવવા ખુબ જ જરૂરી હોય આ દસ્તાવેજો પક્ષકારો ધ્વારા સપ્રેશ કરવામાં આવેલ છે. જો ટી.પી. સ્કીમ અને ફાઈનલ પ્લોટ પડેલ હોય તો તેના દસ્તાવેજો રેકર્ડ ઉપર લાવી શકાય. આમ, કબજા બાબતે જયારે એક બાજુ રેવન્યુ રેકર્ડ છે અને એકબાજુ ટાયટલનો દસ્તાવેજ છે તે હકીકત ધ્યાને લેતા, તેમજ વાદીએ મટીરીયલ સપ્રેશ કરેલ હોય સને ૨૦૨૧ પછીના જે કાંઈ દસ્તાવેજો તેમની જુબાની સને ૨૦૨૧ માં રજુ થયેલ ત્યારથી દલીલ સુધીમાં આવા ટી.પી. સ્કીમ બાબતેનો કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી કે તેમની જુબાનીમાં પણ આ બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે સમગ્ર કેસ ચાલતા દરમ્યાન પણ રજુ કરેલ નથી કે આવી ટી.પી. સ્કીમ થયેલ જ નથી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે આ હકીકતનો ઈન્કાર કરેલ નથી. આમ, ઉપરોકત હકીકત અને સંજોગો જોતાં દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો હોય તેવી કોઈ હકીકત વાદી ચોકકસ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. તેમજ દાવાવાળી જમીન પર વાદી ખેતી કરતા હોવા બાબતે ખેતી અંગેના કોઈ બીલ, માલ સામાન અંગેના કોઈ બીલ કે અથવા તો પોતાનો કબજો હોવા બાબતે આજુબાજુ ખેતી કરતા હોય તેવા કોઈ લોકોને સાક્ષી તરીકે તપાસેલ નથી. દાવાવાળી જમીન સને ૨૦૨૦–૨૧ સુધી પડતર જમીન છે. આ જમીન સને ૨૦૦૯ માં વેચવામાં આવેલ છે અને વાદીઓના નામ આ જમીનમાં સને ૨૦૧૪ માં રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. આમ, વાદીઓ પોતાનો ચોકકસ કબજો દાવાવાળી જમીન ઉપર હોય તેવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલાનું ઠરાવી મુદા નં. ૬ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૭ ની ચર્ચા:–</u>**

**(૧૭)** મુદા નં. ૭ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીઓના શીરે નાંખવામાં આવેલી છે. મુદા નં. ૭ પુરવાર કરવા માટે પ્રતિવાદી તરફે આંક–૯૨ થી નરેન્દ્ર શાંતિલાલ ત્રિવેદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવો

પુરાવો આપે છે કે, મોટાભાગે તેઓને જવાબને અનુરુપ સમર્થનકારક પુરાવો આપેલ છે અને આંક–૯૫ થી મોજે ગામ તાંદળજાના ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૫ ના ગામ નમુના નં. ૬ હકક પત્રની સહી સીકકાવાળી નકલ તથા આંક–૯૬ થી મોજે ગામ તાંદળજાના ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૭૦૬ ના ગામ નમુના નં. ૬ હકક પત્રની સહી સીકકાવાળી નકલ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. વાદી ધ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં આંક–૭૭ વાળા દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ રકમ સિવાય બીજી કોઈ રકમ ચુકવેલ નથી તેવુ જણાવેલ છે એટલે ખરેખર આ જમીન વાદીઓ ધ્વારા વેચાણથી આપવામાં આવેલ છે તે હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે, મેં વારસાઈ અને પેઢીનામુ જોઈને જમીન વેચાણ રાખેલી. નોંધ નં. ૩૬૩૮ કે જે આંક–૬૫ થી રજુ થયેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેમાં મામલતદાર શહેરશ્રી વડોદરાના સુધારા હુકમ નં. આરટીએસ થી ભુલની વિગત સુધારો કરી અને તેમાં શાંતાબેન સોમાભાઈ અને જમનાબેન સોમાભાઈ તેવો ફેરફાર કરેલ છે અને આ એન્ટ્રી તા.૨૨/૯/૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે પરંતુ વાદી પક્ષે આમા અગાઉ શુ ભુલ થયેલ કે શુ ભુલ હતી? તેવી નોંધ કે આર.ટી.એસ.ના હુકમની કોઈ નકલ અત્રેની કોર્ટમાં રજુ કરેલ નથી. ત્યારબાદ દસ્તાવેજ થયો તે સમયે શાંતાબેન સોમાભાઈ, જમનાબેન સોમાભાઈ નાઓના કોઈ વારસોએ કોઈ વાંધો લીધેલ હોય તેવી હકીકત રેકર્ડ પર નથી અને તે સમયે તેઓ રેકર્ડ પર વારસો તરીકે તેઓના નામ દાખલ થયેલ ન હતા દસ્તાવેજ થઈ ગયા બાદ તેઓના નામ દાખલ થયેલ છે. જે સને ૨૦૧૪ માં તેમની ફેરફાર નોંધ પડેલ છે. આમ, ઉપરોકત હકીકત અને સંજોગો જોતા તેમજ રેકર્ડ પરનો પુરાવો જોતાં જો દસ્તાવેજ કરવામાં આવેલ છે તે વાદીઓ તરફથી કરી આપવામાં આવેલ છે અને રેવન્યુ રેકર્ડ જોઈને કરી આપવામાં આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે અને તેમને પૈસા પણ ચુકવી આપવામાં આવેલ છે. દસ્તાવેજ થઈ ગયાના ત્રણ વર્ષ પછીના સમયગાળા દરમ્યાન હાલનો દસ્તાવેજ ચેલેંજ કરવામાં આવેલ છે. આમ, વાદીઓને રકમ મળેલ નથી તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી કે ઉલટતપાસ દરમ્યાન પણ રકમ ચુકવી આપેલાનું જણાઈ આવે છે.

આમ, પ્રતિવાદીઓ ઘ્વારા દાવાવાળી જમીન અવેજની રકમ ચુકવીને ખરીદ કરેલ હોય અને સદર દસ્તાવેજ રજીસ્ટર હોય કાયદાની પ્રક્રિયામાંથી પસાર થયેલ હોય જેથી સદર દસ્તાવેજ અંગે પ્રતિવાદીઓ ઘ્વારા તેઓ શુઘ્ધબુઘ્ધિના ખરીદનાર હોવાનુ પુરવાર કરી શકેલ છે તેથી મુદા નં. ૭ પુરવાર કરવામાં સફળ થયેલાનું ઠરાવી મુદા નં. ૭ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૮ ની ચર્ચા:-</u>**

**(૧૮)** મુદા નં. ૨ થી ૬ જયારે નકારમાં આપવામાં આવેલ છે અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેવામાં આવે તો આ કામના વાદીઓ ઘ્વારા હાલનો જે દસ્તાવેજ ચેલેંજ કરવામાં આવેલ છે તે તા. ૧૬/૩/૦૯ ના રોજનો દસ્તાવેજ ચેલેંજ કરવામાં આવેલ છે અને દાવો તા. ૨૯/૯/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. લીમીટેશન એકટની જોગવાઈ આર્ટીકલ ૫૮ પ્રમાણે ૩ વર્ષમાં દાવો દાખલ કરવો જોઈએ. હાથ ઉપરના કેસમાં હાલનો દાવો સમયમર્યાદા બહાર દાખલ કરવામાં આવેલ છે તેમજ આ કામે ડાહીબેન, જમનાબેન અને શાંતાબેન તેઓ અનુક્રમે સને ૨૦૦૧, ૧૯૯૪ અને ૧૯૯૯ માં અવસાન પામેલ છે. આમ, તેઓ અવસાન પામ્યા પછી હાલનો દાવો સને ૨૦૧૨ માં દાખલ કરવામાં આવેલ છે. દાવાનું કારણમાં કોઈ સ્પષ્ટ તારીખ જણાવેલ નથી. કોઝ ઓફ એકશન કયારે ઉભુ થયેલ તે સ્પષ્ટપણે જણાવેલ નથી. આર્ટીકલ – ૫૮ પ્રમાણે ડેકલેરેશન જયારે પ્રથમ વખત દાવો કરવાનુ પહોંચે ત્યારથી ત્રણ વર્ષમાં દાવો દાખલ કરવો જોઈએ. વાદી પોતાનો કબજો પુરવાર કરી શકેલ નથી. વાદીઓ અને પ્રતિવાદીઓએ મેળાપીપણામાં દાવો દાખલ કરેલ હોય તેવુ જણાઈ આવે છે. વાદીએ તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, અમારે પ્રતિવાદીઓને ત્યાં આવવા જવાનો રીવાજ છે અને હીરાબેન કોઈ વ્યવહાર કરે તો તેની જાણ કરે. એવુ પણ સ્વીકારેલ છે કે, જમીન બાબતે અમારે વાદીઓને તથા પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓને કોઈ તકારાર નથી. તેઓનું એવુ કહેવુ છે કે, જમીન વેચી તે વખતે અમારા નામ ન હતા એટલે એ હકીકત પુરવાર થાય છે કે, પ્રતિવાદીઓએ રેવન્યુ રેકર્ડ જોયેલ ત્યારે તેઓના

નામ ન હતા અને જેટલા નામો હતા તેના આધારે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે અને વાદીએ આ પ્રશ્ન પુછેલ છે ત્યારે તેમને પણ આ હકીકત એવી જણાવેલ છે કે જેમના નામ હતા તે જોઈને દસ્તાવેજ કરેલ છે. વેચાણ દસ્તાવેજમાં કોઈ ખોટી સહી કરેલ હોય કે બનાવટી સહી કરેલ હોય તેવો વાદીઓનો કેસ નથી. વધુમાં સદર કામે રજુ થયેલ જજમેન્ટો માનસહ વંચાણે લેવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકત અને સંજોગો જોતાં વાદી પોતાનો કેસ સંપુર્ણપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલાનું ઠરાવી મુદા નં. ૮ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તથા મુદા નં. ૯ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

## -:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો **નામંજુર** કરવામાં આવે છે.

(૨) વાદી નં. ૩ થી ૫(વાદી નં. ૩/૧ થી ૫/૩) ની તરફેણમાં કરેલ વચગાળા નો મનાઈ હુકમ ઉઠાવી લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આજ રોજ **તારીખ ત્રીસમી, માહે-માર્ચ સને ૨૦૨૪ ના રોજ** ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૪
વડોદરા.

(બી. આર. વાઘેલા)
૦૭ માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ
વડોદરા.( કોડ નં.૦૦૯૯૩)

*ડી.કે.કડુસ્કર*